# "પ્લાસ્ટિક કે પ્લેનેટ"

આપણી આસપાસ નજર દોડાવીએ તો એ વાત માની ન શકાય કે માંડ એકાદ સદી પહેલાં, પ્લાસ્ટિક શું છે તે કોઇ જાણતું પણ ન હતું. આજે પ્લાસ્ટિક ચોતરફ છે. પ્લાસ્ટિક પોચું કે અકળ જોઇએ તેવું બનાવી શકાય; વાળ્યુ વળે અને મનગમતો આકાર આપી શકાય તેવો પદાર્થ છે. પ્લાસ્ટિકથી બનાવેલી સુવિધાઓ પાર વગરની છે.

ઘણા સમય વપરાય એવા તબીબી સાધનો, ગાડીઓમાં, કમ્પ્યુટરમાં, રમકડાંઓ બનાવવામાં પ્લાસ્ટિકનો વપરાશ થાય છે. તેમ છતાં, ઘણી એવી વસ્તુઓ પણ છે જે એકજ વખત વપરાતા પ્લાસ્ટિકની બનેલી હોય છે. પ્લાસ્ટિકની પાણી અને દૂધની બાટલીઓ, ખરીદીની થેલીઓ વગેરે ઘરોઘર, હાલતા-ચાલતા વાપરીએ છીએ.

અત્યારનાં ભાગદોડ જીવનમાં, સમય ઓછો હોવાના કારણે, કામેથી ઘરે આવતાં, ઉપહારગ્રહમાંથી "ટેક-અવે" મંગાવે છે (તૈયાર કરેલું ભોજન જે પ્લાસ્ટિકના વાસણોમાં પીરસાય કે વેંચાય છે તે). પ્લાસ્ટિકનાં ડબ્બાઓ, ઢાંકણાં, કપ, ચમચીઓ, નાના મસાલાના પડીકાઓ, બધુંજ ભોજન પીરસવામાં વપરાય અને જમ્યા બાદ ઘરમાં, કચેરીમાં, રસ્તામાં, રેલગાડી મથકે, વિમાનમથકે કચરાના ડબ્બામાં ભરપૂર જોવા મળે.

પ્લાસ્ટિકનો કચરો જમીન પર ભેગો થતાં, મોટા ઉકરડાં ભરાય છે જેને બાળવાથી હવાનું પ્રદૂષણ વધે છે. પ્લાસ્ટિકનો કચરો જ્યારે સમૂદ્રમાં પ્રવેશ કરે ત્યારે દરિયાઇ પ્રદૂષણ ઉદ્દભવે છે. પ્લાસ્ટિકનાં ઝેરી રસાયણો પાણીમાં ભળે ત્યારે નાના રજકણો ચોટેલા હોય છે. આ રજકણો માછલી, પક્ષીઓ ખાય છે અને માણસો આહારમાં માછલી વગેરેનું ભોજન કરતાં, તેમના શરીરનું નુકસાન કરે છે.

આપણે જે પ્લાસ્ટિક ફેંકી દઇએ છીએ તેનો વિચાર વિજ્ઞાનિકો પણ, તેના તારણો જાણીને હેબતાય ગયા છે. ફક્ત ભારત દેશમાં, વર્ષે ચાર હજાર ટન પ્લાસ્ટિકનો કચરો ભેગો થાય છે અને ચારસો વર્ષ સુધી પણ નાશ પામશે નહીં. આ સમસ્યા કુદરત માટે ગંભીર છે અને સરકારને તેનું નિવારણ શોધવું પડશે.

પૃથવીને કેવું નુકસાન થઇ રહ્યું છે તે મૂદ્દો વિશ્વ સમક્ષ લાવવા 'નેશનલ જ્યોગ્રાફિકે' : "પ્લાસ્ટિક કે પ્લેનેટ" નામે ઝુંબેશ ઉપાડી છે. જગત પર્યાવરણનાં દિવસે, આ વર્ષે, ભારતમાં, "પ્લાસ્ટિક પ્રદૂષણથી બચાવો" નો મૂદ્દો જાહેર કર્યો છે પણ આ સમસ્યાનો નિવારણ લાવવો તે લક્ષમાં રાખશે કે નહીં તેની મને ખબર નથી.